# બાબા મુક્તાનંદની શિખામણ

## ૧

નીલબિંદુ તલના દાણા જેટલું છે, પણ વાસ્તવમાં તે એટલું મોટું છે કે તેમાં આખું બ્રહ્માંડ સમાયેલું છે. નીલબિંદુની સક્રિય શક્તિને કારણે જ આપણે કાર્ય કરી શકીએ છીએ. તેની ઉપસ્થિતિને કારણે જ આપણાં શરીરમાં શ્વાસ અંદર આવે છે અને બહાર જાય છે. તેના દિવ્ય પ્રેમનાં કિરણો આપણામાંથી પ્રવાહિત થતાં રહે છે અને આ કિરણોને કારણે જ આપણે એકબીજા પ્રત્યે પ્રેમનો અનુભવ કરીએ છીએ. નીલબિંદુનો પ્રકાશ આપણા ચહેરા અને હૃદયને આલોકિત કરે છે અને આ પ્રકાશને કારણે જ આપણે બીજાઓને પ્રેમ આપીએ છીએ.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *ધ્યાન સોપાન : અંતરસ્થ આનંદ પ્રતિ* (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૨), પૃષ્ઠ ૨૯–૩૦.

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.